© IJCIRAS | ISSN (O) - 2581-5334
October 2020 | Vol. 3 Issue. 5

# શિક્ષણ દ્વારા સ્વાવલંબન

***Vinit R Singhaniya***

*Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad*

"મેં મારી રચનાકાર્ય કરવાની શક્તિ વિષેની સઘળી પ્રતિષ્ઠા ગુમાવી બેસવાનું જોખમ વહોરીને પણ કહેવાની હામધરી છે કે, કેળવણી સ્વાવલંબી હોવી જોઈએ. . . એ સ્વાવલંબી થાય એને એની સફળતાથી કસોટી ગણું." – ગાંધીજી, ઑગસ્ટ ૧૯૫૦

અત્યાર સુધી આ છોકરાંઓનાં મગજમાં આ બધી માહિતી ઠાંસી ઠાંસીને ભરવાનો પ્રયત્ન કર્યો છે, ને એમના મગજ જાગ્રત થાય ને એનો વિકાસ કેમ થાય એનો વિચાર કદી કર્યો જ નથી. હવે આપણે 'રૂક જાઓ' નો પોકાર કરીએ અને શારીરિક કામ દ્વારા બાળકને યોગ્ય કેળવણી આપવા પર આપણી બધી શક્તિ વાપરીએ. શારિરીક કામ એ શ્રમ પ્રવૃત્તિ ન હોય, પણ બૌદ્ધિક શિક્ષણનું મુખ્ય સાધન હોય." "એ પણ હું સમજી શકું છું. પણ એમાંથી નિશાળનું બધું નિકળવું જોઈએ એ શરત શામાટે?"

"એથી આ શારીરિક કામ કેટલું કીમતી છે એની ખરી કદર થશે. બાળક ચૌદ વરસની ઉંમરે, એટલે કે સાત વરસનું ભણતર કર્યા પછી, નિશાળ છોડીને જાય ત્યારે તેનામાં કંઈક કમાવવાની કળા આવેલી હોવી જોઈએ. અત્યારે પણ ગરીબ લોકોનાં બાળકો એમનાં માબાપને મદદ કરે છે - એમનાં મનમાં લાગણી એ હોય છે કે, હું જો માબાપની જોડાજોડ કામ નહિ કરું તો માબાપ ખાસે શું અને મને ખવડાવશે શું ? એ જ એક કેળવણી છે. એ જ પ્રમાણે શાળા સાત વર્ષની ઉંમરે બાળકને પોતાને હવાલે લે ને તેને કમાતું બનાવી માબાપને પાછું આપે. આમ તમે કેળવણી આપવાની સાથે સાથે બેકારીના મૂળ પર ઘા કરો છો. તમારે છોકરાઓને એક યા બીજા ધંધાની તાલીમ આપવી જ રહી. આ ખાસ ઉદ્યોગની આસપાસ એનાં મગજ, શરીર, અક્ષર, કલાવૃત્તિ વગેરેની કેળવણી ગોઠવશો તો જે કારીગરી એ શીખશે તેમાં નિષ્ણાત થશે."

"પણ ધારો કે એક છોકરો ખાદી બનાવવાની કળા ને શાળામાં શીખવા માંડે છે. તો આપ એમ માનો છો કે એને એ કળામાં નિષ્ણાત થતાં પૂરાં સાત વરસ લાગશે?"

"હા. જો એ યાંત્રિક રીતે ન શીખે તો સાત વરસ લાગવાં જ જોઈએ. આપણે ઇતિહાસના અભ્યાસને માટે કે ભાષાઓના અભ્યાસને માટે વરસો શા સારુ આપીએ છીએ? અત્યાર સુધી આ જે વિષયોને કૃત્રિમ મહત્તવ અપાયું છે એના કરતાં આ ઉદ્યોગોનું મહત્ત્વ કંઈ ઓછું છે શું?"

"પણ આપ તો મુખ્યત્વે કાંતણ પીંજણનો વિચાર કરો છો, એટલે આપ આ નિશાળોને વણાટશાળાઓ બનાવવા માગો છો એમ જ લાગે છે. કોઈ બાળકને વણાટ પ્રત્યે વલણ ન હોય ને બીજી કોઈ ચીજ માટે હોય તો?" "બરાબર છે. તો આપણે એને કંઈ બીજો ઉદ્યોગ શીખવીશું. પણ તમારે એટલું જાણવું જોઈએ કે, એક નિશાળ ઘણાં ઉદ્યોગો નહીં શીખવે. કલ્પના એ છે કે, આપણે પચીશ છોકરાં દીઠ એક શિક્ષક રાખવો જોઈએ, અને એ દરેક નિશાળમાં એક એક નોખા નોખા ઉદ્યોગનું - સુતારી, લુહારી, ચમારકામ કે મોચીકામનું શિક્ષણ આપીએ. માત્ર તમારે એટલી હકીકત ધ્યાનમાં રાખવાની છે કે, તમારે આ દરેક ઉદ્યોગ વાટે બાળકના મનનો વિકાસ સાધવાનો છે. તે ઉપરાંત બીજી એક વસ્તુ પર ભાર દેવા ઇચ્છું છું. તમારે શહેરોને ભૂલી જવાં જોઈએ ને બધી શક્તિ ગામડાં પાછળ વાપરવી જોઈએ. ગામડાં એ તો મહાસાગર છે. શહેરો એ તો સિંધુમાં કેવળ બિંદુવત્ છે. એથી જ તમે ઈંટો બનાવવા જેવા વીષયોનો વિચાર કરી શકતાં નથી. છોકરાઓને ઇજનેર બનવું જ હોય તો સાત વરસના અભ્યાસ પછી તેઓ એ ઉંચા ને ખાસ અભ્યાસ પછી પણ કૉલેજોમાં જશે.

"બીજી એક વસ્તુ ઉપર ભાર દઉં. આપણને ગામડાંના ઉદ્યોગને કશી વિસાતમાં ન ગણવાની ટેવ પડેલી છે, કેમ કે આપણે શિક્ષણ અને શારીરિક કામ બેને વિખૂટાં રાખેલાં છે. શારીરિક કામને હલકું ગણવામાં આવેલું છે, આપણે કાંતનાર, વણનાર, સુતાર, મોચીને હલકા વર્ણના - વસવાયાં ગણતા થયા છીએ. ઉદ્યોગોને કંઈક હલકો, બુદ્ધિમાન લોકોને હીણપત લગાડે એવો માન્યો, એટલે આપણે ત્યાં ક્રોમ્પટન ને હારગ્રીવ જેવા યંત્રશાસ્ત્રીઓ પેદા થયા નથી. એ ધંધાઓને સ્વતંત્ર પ્રતિષ્ઠાવાળા માન્યા હોત તો આપણા કારીગરોમાંથી મોટા શોધકો જરૂર પેદા થયા હોત. યંત્રોની શોધ થતાં મિલો થઈ ને તેણે હજારોને બેકાર બનાવ્યા એ સાચું. એ અલગ વસ્તુ હતી એમ હું માનું છું. આપણે આપણી બધી શક્તિ ગામડાં પાછળ વાપરીને જોઈશું તો હાથઉદ્યોગના એકાગ્ર અભ્યાસથી જે બુદ્ધિ જાગૃત થશે તે આખી ગામડાંની વસ્તીની જરૂરિયાત પૂરી પાડશે.

અત્યારની પેઢીની શરીરસંપત્તિ ઘટતી જાય છે એનું મુખ્ય કારણ એ છે કે, નિશાળના ભણતરના કલાકો અગવડભરેલા છે. મારો મત એવો છે કે, બધી નિશાળો અને કૉલેજો સવારે જ - ૬થી ૧૧ સુધી - ચાલવી જોઈએ. નિશાળમાં ચાર કલાકનું ભણતર પૂરતું થઈ જવું જોઈએ. બપોરનો વખત છોકરા ઘેર ગાળે, ને સાંજે રમત કસરત વગેરે કરે. કેટલાક છોકરા આજીવિકા મેળવવાના કામમાં રોકાય, અને કેટલાક માબાપને તેમના કામમાં મદદ કરે. આમ કરવાથી વિદ્યાર્થીઓ માબાપના સંસર્ગમાં વધારે રહેશે; અને એ વસ્તુ કોઈ પણ ધંધાના શિક્ષણ માટે કે વંશપરંપરાગત કુશળતાના વિકાસને માટે જરૂરની છે.

યોગ્ય પ્રકારના શિક્ષકો મળી રહે તો આપણાં શરીરશ્રમમાં રહેલું ગૌરવ શીખવવામાં આવશે, તેઓ શરીરશ્રમને બુધ્ધિના વિકાસનું એક અવિભાજ્ય અંગ અને એક સાધન માનતાં શીખશે, અને સમજતાં થશે કે, પોતે જાતે મહેનત કરીને પોતાના શિક્ષણની કિંમત આપવી એમાં દેશ સેવા રહેલી છે. બાળકોને હાથઉદ્યોગ શીખવવાના છે તે કેવળ એમની પાસે કંઈક ઉત્પાદક કામ કરાવવાને સારુ નહીં, પણ એમની બુધ્ધિનો વિકાસ સાધવા માટે.

1. જો રાજ્ય સાત અને ચૌદ વરસની વચ્ચેનાં બાળકોને પોતાના હસ્તક લે, ને ઉત્પાદક શ્રમ દ્વારા એમનાં શરીર અને મનને કેળવે,
2. નિશાળો સ્વાવલંબી થવી જ જોઈએ;

એક માત્ર સવાલ એ છે કે અવા લાભદાયક શ્રમમાં લાખો બાળકોને જોડી શકાય કે નહીં?

વર્તમાન કેળવણીની વાત કરીએ તો મેકોલોની શિક્ષણ પદ્ધતિ ભારતમાં અપનાવ્યા પછી કેળવણી માત્ર ને માત્ર કલાર્કો પેદા કરવા વાલી બની રહી છે. આજના યુગમાં શિક્ષણ સામેની એક મોટી ફરિયાદ એ છે કે તે માત્રને માત્ર યાદશક્તિની પરીક્ષા કરે છે જીવન જીવવા માટેનું વાસ્તવિક પ્રશિક્ષણ આપી શકતુ નથી અને બાળક તથા યુવાનોના જીવન ઘડતરનો પ્રશ્ન સમાજમાં ખુબ જ વિકરાળ સ્વરૂપ ધારણ કરતો જાય છે . જેના પરિણામે આજે દેશમાં શિક્ષિત યુવાનો રોજગારી માટે, અનામત માટે, નોકરી માટે, રોડ ઉપર ઉતારી હિંસક આંદોલન કરતાં જોવા મળી રહ્યા છે.

સમયના વિવિધ તાંતણે એ સ્વીકૃત થયું છે કે આર્થિક વિકાસનું સબળ માધ્યમ કેળવણી છે. કેળવણી અને આર્થિક વિકાસ આ બન્ને માનવીના વર્તનમાં પરિવર્તન તેમજ સમાજને યોગ્ય પ્રગતી સાથે સંકળાયેલા છે.

કોઠારી કમિશન પણ પોતાના અહેવાલમાં શિક્ષાને આર્થિક ઉત્પાદકતા સાથે જોડવાની વાત કરી છે.

ગાંધીજીએ પણ બુનિયાદી શિક્ષણમાં સ્વાવલંબન તેમજ ઉદ્યોગ સાથે અનુબંધ સાધવાની વાત કરી શિક્ષાને આર્થિકતા સાથે સંકલન કરી છે

આર્થિક વિકાસમાં કેળવણી ઉપયોગી નીવડે છે આપણે વર્તમાન શિક્ષણ પ્રણાલીમાં આ બાબતો ધ્યાનમાં રાખી વ્યવસાયિક અભ્યાસો દાખલ કરવામાં આવ્યા છે. પરંતુ કેળવણી ક્ષેત્રે દાખલ કરવામાં આવેલા અભ્યાસો પ્રત્યે અરુચિ, અભ્યાસો દ્વારા યોગ્ય વળતરનો અભાવ, શારીરિક શ્રમ આધારિત વ્યસાયિક શિક્ષણ પ્રત્યેની સૂગ, શાળા – કોલેજમાં પરંપરાગત રીતે તેમજ ઉદારમતવાદી અભ્યાસક્રમો, નોકરી અપાવતા અભ્યાસોમાં જ રસ, વગેરેને કારણે આજના શિક્ષણમાં ભષ્ટાચાર, અનીતિ, ગેરરીતિ ખુબ ફૂલ્યાફાલ્યા છે.

સામાન્ય રીતે વર્તમાન શિક્ષણ મેકોલોના લક્ષ્ય આધારીય માત્ર ક્લાર્કો ઉત્પન્ન કરે છે, નોકરીયાતો ઉત્પન્ન કરે છે. પરંતુ વાસ્તવિક રીતે દરેકને કલાર્કની નોકરી મળવી કે આપવી મુશ્કેલ છે. દરેકને નોકરીયાત બનાવવો મુશ્કેલ નહિ અસંભવ છે. રોજગારી માટે ,નોકરી માટે, અનામત માટેના આંદોલનોમાં યુવાનોનો ભવ્ય રોલ જે આપણે જોઈએ છીએ ત્યારે આપણે ચેતી જવું જોઈએ અને આપણે આપની વર્તમાન શિક્ષણ પ્રણાલીને ગાંધી ચિંધ્યા માર્ગે આગળ ઝંપલાવવું જોઈએ. વર્તમાન પ્રણાલી જે માત્રને માત્ર બેકારો ઉત્પન્ન કરતી હોય તો તે દિવસ દુર નથી કે દેશમાં સામાજિક દ્રોહ ઉભો ન થાય. અગમચેતીથી સાવધાન બની આપણે ગાંધીજી દ્વરા અપાયેલ શિક્ષણ પદ્ધતિ ઉદ્યોગ દ્વારા શિક્ષાને અમલી બનાવીએ.

ગાંધીજીએ કહ્યું છે કે ઉદ્યોગ દ્વરા શિક્ષણની ભારત દેશમાં અતિ આવશ્યકતા છે ઉદ્યોગ દ્વારા શિક્ષણ એટલે શિક્ષણમાં ઉદ્યોગ નહિ પરંતુ ઉદ્યોગ દ્વારા ગણિત, વિજ્ઞાન, સમાજ, પર્યાવરણ, ઈતિહાસ વગેરે વિશેનું જ્ઞાન આપીએ જેણે બુનિયાદી શાળામાં " સમવાય શિક્ષણ " નામ અપાયેલું છે સમવાય એટલે અનુબંધ – અહી ઉદ્યોગ અને શિક્ષણ બંનેને જોડીને શિક્ષણકાર્ય કરવાનું હોય છે.

ગાંધીજી ખાદી બનાવવાના ઉદ્યોગ દ્વરા શિક્ષણનું દ્રષ્ટાંત આપતા જણાવે છે કે કપાસની વાવણી થાય ત્યારે બાળકને જમીન, જમીનનો પ્રકાર વિશેનું જ્ઞાન આપીએ, તેમજ કપાસ ક્યાંથી આવ્યો, કપાસમાંથી શું – શું બને, તે જણાવી ઈતિહાસ પણ શીખવી શકાય છે, નિંદામણ દરમિયાન વિજ્ઞાન પણ શીખવી શકાય છે, કીટકો આવે ત્યારે ઉત્ક્રાંતિવાળ શીખવી શકાય છે, ખેતરમાં વાવેતર દરમિયાન ખેતરના ક્ષેત્રફળ માપ કરતાં શીકવી તેના દ્વારા ગણિત શીખવી શકાય છે, કામમાં થતાં ખર્ચના હિસાબને આધારે નફો – ખોટ તેમજ વ્યાજ વગેરે જેવી ગાણિતિક પ્રક્રિયાઓ શીખવી શકાય. પીંઝવું, કપડાનો રંગ, તેમાં વિવિધતા, વણાટકામ વગેરેને આધારે આયોજન તેમજ અર્થશાસ્ત્ર શીખવી શકાય. ઉપરાંત આવા ઉદ્યોગ દ્વારા બાળકનું સર્વાંગી શિક્ષણ સંભવ બને જેમકે બાળકને શારીરિક શિક્ષણ, પરિશ્રમનું મહત્વ સમજાય છે. આમ ઉદ્યોગ સાથે વિષયતા જ્ઞાનને જીદોને શિક્ષાની વાત ગાંધીજીએ કરી છે.

ઉદ્યોગ દ્વરા શિક્ષણના ફાયદા :-

ઉદ્યોગ દ્વારા શિક્ષાને પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ અને પ્રોજેકટ પદ્ધતિને પોતાનામાં સમાવી લે છે, એટલે કે આ શિક્ષણ પદ્ધતિમાં અન્ય મહત્વપૂર્ણ શિક્ષણ પદ્ધતિઓ આવરાયેલી છે જે તેની આગવી વિશેષતાઓ છે.

આં પદ્ધતિથી સામાજિક બેકારીના પ્રશ્નમાં રાહત રહે છે એટલે કે સમાજ અખંડ રહે છે

બાળકમાં શ્રમનાં મહત્વનો વિચાર ગાઢ તેમજ પ્રેક્ટીકલી બને છે.

વિષય શિક્ષણ રસયુક્ત તેમજ સરળ બને છે

ઉદ્યોગ દ્વારા શિક્ષણએ ભારતીય સમાજ માટેની વિશિષ્ટ જરૂરીયાત છે જો શિક્ષણનું માધ્યમ ઉદ્યોગ બને તો બેકારી તેમજ શિક્ષણના ખર્ચને સરળતાથી કાબુ કરી શકાશે. ભારત માટે આ પદ્ધતિ આવતી પેઢીના શિક્ષણ માટેની ઉતમ પદ્ધતિ છે

## REFERENCES

[1] કૃષિ અને સહકાર વિભાગ, ગુજરાત.

[2] કૃષિ અને સહકાર વિભાગ, કૃષિ સરકારી મંત્રાલય, ભારત.

[3] www.agri.gujarat.gov.in

**[4]** www.agriculture.gov.in